ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૩-૧૨-૨૦૨૧, શુક્રવાર



# સાબરકાંઠા-અરવલ્લીમાં સતત બીજા દિવસે માવઠાનો માર

## પ્રજા અને ખેતીનું આરોગ્ય જોખમમાં, ખેડૂતોની ચિંતા વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સાબરકાંઠા-અરવલ્લીમાં સતત બીજા દિવસે માવઠાના મારથી જનજીવનને વ્યાપક અસર જોવા મળી. કાતિલ ઠંડીના કારણે છેલ્લા બે દિવસથી ગરમ વસ્ત્રોમાં લપેટાયેલી હતી. સતત બીજા દિવસે માવઠાના કારણે રવી ખેતી તેમજ ખરીફ તૈયાર પાકને નુકસાનની દહેશત સેવાઈ રહી છે. પ્રજા અને ખેતીનું આરોગ્ય હવે જોખમમાં આવ્યું છે. જિલ્લામાં ફરી એકવાર રોગચાળો વકરવાની દહેશત સેવાય છે.

પ્રાપ્ત વિગતો અનુસાર એમિક્રોનની દહેશત વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોને માવઠાએ ઘમરોટી નાખતા સરકાર અને આરોગ્ય વિભાગની ચિંતા વધી છે. બીજા દિવસે બાયડથી પોશીના સુધી પટાના અનેક ગ્રામય વિસ્તારોમાં ૨ થી ૪ મીમી ઝરમરીયા માવઠાના કારણે ઠંડીનો પ્રભાવ એકાએક વધ્યો. જ્યારે જિલ્લામાં હજુ પણ કપાસનો તૈયાર પાક ખેતરમાં ઉભો છે અને કમોસમી માવઠું વરસતાં કેટલાંક ખેડૂતો પાયમાલ થયાના અહેવાલ મળી રહ્યા છે. જિલ્લામાં જે રીતે કમોસમી માવઠાએ જમાવટ કરી છે તે જોતાં બાગાયત પાક અને વહેલું વાવેતર થયેલા બટાટાના પાકને સૌથી વધુ નુકસાન થવાની આશંકા સેવાઈ છે. ખેતી વિભાગ ભલે કમોસમી માવઠાથી ખેતીને નુકસાન નહિ થાય તેવા દાવા કરી નુકસાનીના સર્વેમાંથી દૂર રહેવાના પ્રયાસમાં લાગ્યું હોય પરંતુ અનેક અનુભવી ખેડૂતો જણાવી રહ્યા છે કે વાતાવરણ બદલાય એટલે કુદરતી નિયમ છે કે ખેતીમાં રોગચાળો પ્રસરે. છેલ્લા ૧૫ દિવસમાં બીજીવાર કમોસમી માવઠાની સ્થિતિથી ખેતીને નુકસાન થવાનું છે. જ્યારે વાદળછાયા વાતાવરણના કારણે બાગાયત પાક દાડમ, ચીકુ અને જામફળ વગેરેને નુકસાનની શરૂઆત થઈ ચુકી છે. જ્યારે કમોસમી માવઠાના કારણે રવી વાવેતરમાં ધારણા કરતા વધુ વિલંબ થશે જેથી ખેડૂતો સંભવ છે કે ઘઉં અને રાયડાની ખેતી મુલત્વી રાખી ઘાસચારો વધુ પ્રમાણમાં વાવવાનું વિચારી શકે છે.

# અપ-ડાઉન કરતા વિદ્યાર્થી-કર્મચારીઓને હાલાકી

## ભિલોડા-મોડાસા-શામળાજીની સમી સાંજે સીધી બસો દોડાવવા માંગ : સાંજના ૫-૦૦ પછી મોડાસા જવા સીધી બસ જ નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ભિલોડા-મોડાસા-શામળાજીની સમી સાંજે સીધી બસ ન હોવાના કારણે અપ-ડાઉન કરતા વિદ્યાર્થી અને કર્મચારીઓને અંતરીયાળ ગામડામાંથી કષ્ટદાયક મુસાફરી કરીને મોડાસા જવાની નોબત આવી છે ત્યારે વિભાગ દ્વારા સાંજના ૫-૦૦ પછી જિલ્લા મથક મોડાસાની સીધી બસો દોડાવવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.

જિલ્લા એસ.ટી. ડીવીઝન દ્વારા વધુ આવક મળે તેવા રૂટ ઉપર ધ્યાન આપવામાં આવતું નથી અને કોઈના દબાણ હેઠળ આવી જૂજ મુસાફરો મળે તેવા ગ્રામ્ય રૂટો ઉપર એસ.ટી. બસ દોડી રહી છે જેના કારણે ભિલોડા થી સીધા જ શામળાજી અને મોડાસા જવું હોય તેવા કોલેજના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને લાંબા સમયથી હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ભિલોડા તથા આસપાસના વિસ્તારોમાં અનેક કર્મચારીઓ ફરજ બજાવે છે અને અપ-ડાઉન કરી રહ્યા છે પરંતુ સાંજના ૫-૦૦ અને ત્યારબાદ મોડાસા જતી બસો અન્ય ગામડાઓમાંથી યાત્રાધામ અને જિલ્લાના વડા મથકે જતી હોવાથી ખાસ કરીને મોડાસાના કાયમી અપ-ડાઉન કરતા મુસાફરોને સમયનો વધુ બગાડ થઈ રહ્યો છે. સીધા અંતરની એસ.ટી. બસ ન હોવાના કારણે ખાનગી વાહન માલિકોને તડાકો પડી રહ્યો છે ત્યારે એસ.ટી. વિભાગીય વડા તેમજ ડેપો મેનેજરે દરરોજ ભિલોડા થી મોડાસા તરફ કાયમી અપ-ડાઉન કરતા ૨૦૦ થી વધુ મુસાફરોની હાલાકીને સમજીને સીધા અંતરની બસો દોડાવવામાં આવે તો એસ.ટી.ની આવકને ફાયદો જ ફાયદો થઈ શકે છે.

### દેશ બદલ રહા હૈ..!! ગરીબો અમીર બન્યા

# જિલ્લામાં સરકારી આવાસ બારોબાર વેચી મારવાનું કૌભાંડ

## તપાસ થાય તો સ્ફોટક વિગતો બહાર આવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

જિલ્લામાં સરકારની વિવિધ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોને આવાસ યોજનાનો લાભ મળ્યો છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આવા લાભાર્થીઓએ સરકારી આવાસ બારોબાર વેચી મારી લાખો રૂપિયાની રોકડી કરી લીધાની સ્ફોટક વિગતો બહાર આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ અંગેની તપાસ થાય તો સરકારી આવાસ વેચી મારવાનું મોટું કૌભાંડ બહાર આવશે. સરકાર ગરીબો ઉપર દયા ખાઈ તેમને પ્લોટ ફાળવણી સાથે સરદાર આવાસ, ઈન્દીરા આવાસ અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર બનાવી આપ્યા છે પરંતુ ખુદ ગરીબોએ જ સરકારી તંત્ર અને સરકારને મામૂ બનાવ્યા જેવો ઘાટ સામે આવ્યો છે.

જિલ્લામાં જમીનના ભાવ ઉંચકાઈ રહ્યા છે ત્યારે ખાસ કરીને શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં હવે ગરીબ પરિવારો પૈકી જે પરિવારોને સરકારની વિવિધ યોજના અંતર્ગત આવાસ યોજનાનો લાભ મળ્યો તેમાં તેઓ ઠરીઠામ થઈને રહેવા લાગ્યા પરંતુ કેટલાક ચકોર ગરીબોએ રૂા.૧થી ૪ લાખની અંદર પોતાનાં સરકારી આવાસ બારોબાર વેચી માર્યા છે. જો કે આ મામલો હજુ પૂર્ણપણે પ્રકાશમાં આવ્યો નથી પરંતુ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં પાછલા ૧૫ વર્ષમાં જે પણ કોઈ ગરીબોને આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે તેમની સ્થળ સ્થિતિની ચકાસણી કરવામાં આવે તો અનેક સરકારી આવાસ બીજાને વેચી માર્યાની ગંભીર બાબતો પ્રકાશમાં આવે તેમ છે. આ મુદ્દાને ગંભીરતાપૂર્વક લઈ તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ પણ થઈ છે. આવાસ યોજનાનો લાભ મેળવ્યા પછી અનેક પરિવારો સરકારી આવાસ વેચીને દૂરના જિલ્લાઓમાં વસવાટ કરતા હોવાનું પણ જાણવા મળ્યું છે.

### દિવાળી પછી વાડે ચીભડાં ગળવાનાં શરૂ કર્યા

# અરવલ્લીમાં ઓવરલોડ ખનિજ ભરીને દોડતા વાહનોથી માર્ગોને નુક્સાનની ભીતી

## ખાણ ખનિજ, આર.ટી.ઓ. અને સ્થાનિક પોલીસનું નરમ વલણ શંકાસ્પદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

નામદાર સુપ્રિમ કોર્ટના અવલોકન પછી રાજ્યમાં ઓવરલોડ વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે છતાં અરવલ્લીમાં ખાણખનિજ વિભાગની મહેરબાનીથી ઓવરલોડ ખનિજ ભરીને દોડતાં વાહનો રાષ્ટ્રીય સંપત્તિ માર્ગો અને બ્રીજને નુક્સાન પહોંચાડે તેવો ભય ઉભો થયો છે.

સાબરકાંઠા, અરવલ્લીમાં ઓવરલોડ વાહનના કારણે ડાભા નજીક વાત્રક નદીનો પુલ અને હરસોલ નજીક મેશ્વો નદીનો પુલ ક્ષતિગ્રસ્ત બની જતાં ૬ વર્ષ અગાઉ મહિનાઓ સુધી ડાયવર્ઝન આપવું પડ્યું હતું. તપાસ ટીમોએ ઓવરલોડ વાહનોના કારણે બ્રીજનું આયુષ્ય ઘટી રહ્યાનો સ્ફોટક રીપોર્ટ આપ્યો હતો. ત્યારે ધનસુરા, મોડાસા, બાયડ પંથકમાં ઓવરલોડ ખનિજ ભરીને દોડતાં વાહનો રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડી રહ્યા છે. ઓવરલોડ ખનિજ વાહનમાં ભરવાની જોગવાઈ નથી છતાં ભ્રષ્ટ તંત્રની મહેરબાની અને બોગસ પાસના આધારે ગાંધીનગર સુધી બધુ જ ગોઠવાઈ જતું હોય છે જેથી ચોક્કસ ઓવરલોડ વાહનચાલકોને ક્યાંય રોકવામાં આવતા નથી. ૧૦ થી ૧૫ ટન ખનીજના પાસ મેળવી તેમાં ૨૫ થી ૨૬ ટન ખનિજ ભર્યાનું અગાઉ તપાસ દરમ્યાન બહાર આવ્યું હતું. માત્ર સામાન્ય રેતી અને કાંકરો લઈને દોડતા ટ્રેક્ટરો સામે ભ્રષ્ટ ખાણખનિજ વિભાગ રૂા.૧૦ થી ૧૫ હજારનો દંડ ફટકારે છે ત્યારે ખાણખનિજ, આર.ટી.ઓ. અને સ્થાનિક પોલીસ માતેલા સાંઢની માફક ઓવરલોડ ખનિજ લઈને દોડતા વાહનો સામે કેમ નરમાશથી વર્તી રહી છે તે પ્રજાને સમજાતું નથી. જિલ્લાના કેટલાક ટ્રાન્સપોર્ટરો પણ ઓવરલોડના દુષણને ડામી દેવાની હિમાયત કરી રહ્યા છે.

### મોડાસામાં અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# શાળામાં અટલ ટીન્કરીંગ લેબનું આવતીકાલે લોકાર્પણ

## જિલ્લા કલેક્ટરના હસ્તે તા.૪ ડિસેમ્બરે કાર્યક્રમનું આયોજન

હિંમતનગર તા.૦૨

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી આર.જે.પટેલ સત્યમ વિદ્યાલય મોડાસામાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત અટલ ટીન્કરીંગ લેબનું આગામી તા.૪ ડિસેમ્બરે સવારે ૧૦:૦૦ કલાકે જિલ્લા કલેક્ટર ડૉ. નરેન્દ્રકુમાર મીણાના હસ્તે લોકાર્પણ થવાનું છે આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્વેતા તેવટીયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા શિક્ષણાઅધિકારી ગાયત્રીબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મીતાબેન પટેલ સહિત અનેક આમંત્રિતો ઉપસ્થિત રહેવાના છે.

અટલ ટીન્કરીંગ લેબના કારણે વિદ્યાર્થીઓને શાળામાં જ આધુનિક લેબની વ્યવસ્થા ઉપલબ્ધ થઈ છે. તેનો બહોળો લાભ બનશે તેમ સંસ્થાના ચેરમેન અને સેક્રેટરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# કુદરતની આકરી કસોટીમાં અડીખમ રહ્યા રસોઈયા, રિસેપ્શન પ્રસંગ દિપાવ્યો

## આકરૂન્દના રાજપુરોહિત બંધુઓએ માત્ર ૫ કલાકમાં ભોજન બનાવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

રાજયમાં તા.૩૦ નવેમ્બરથી એકાએક હવામાન પલટાવ આવ્યો અનેક વિસ્તારોમાં ભરશિયાળે અષાઢી માહોલ જામતાં ખેડુતો પાયમલ થયા પરંતુ જેમના ઘરે લગ્ન અને રિસેપ્શનના શુભ અવસર આયોજીત થયા હતા. તેમને કરેલા અનેક આયોજનો ઉપર માવઠાએ પાણી ફેરવી દીધું ત્યારે કુદરતની આકરી કસોટીમાં ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના અર્જુન રાજપુરોહિત અને જબ્બરસિંહ રાજપુરોહિત બંધુઓની જોડીએ વરસતાં વરસાદ વચ્ચે પણ પ્રસંગના યજમાનની ઈચ્છા મુજબ બદલાયેલા સ્થળે માત્ર ૫ કલાકમાં ઓર્ડર પ્રમાણે ચટાકેદાર ભોજન બનાવી પ્રસંગને દિપાવ્યો છે. પ્રસંગના યજમાન અને મહેમાનોએ પણ કુદરતની આકરી કસોટીમાં જાણે કે પોતાના પ્રસંગને પાર પાડવા દેવદૂત બનીને આવેલા રસોઈયા બંધુઓની કામગીરીને બિરદાવી છે. જિલ્લામાં છેલ્લા કેટલાંય સમયથી લગ્ન સમારંભો સહિત મોટા ભોજન સમારંભોમાં ઉંચી મજૂરી આપી બહારના રસોઈયા બોલાવવાની એક ફેશન બની છે ત્યારે સ્થાનિક ગામમાં રહેતા રસોઈયાઓએ જે ધૈર્ય સાથે યજમાનના પ્રસંગને દિપાવ્યો તેની જ મુક્તકંઠે પ્રસંશા થઈ રહી છે.



પ્રસંગના યજમાન અને મહેમાનોએ રસોઈયાઓની કામગીરીને બિરદાવી

જિલ્લામાં નવેમ્બરથી લગ્નસરાની સિઝન ફૂલબહાર ખીલી છે. ગત વર્ષથી કોરોનાના કારણે લગ્નાના આયોજનો મુલત્વી રાખ્યા હતા. પરંતુ આ વર્ષે કોરોનાનું સંક્રમણ ઘટતાં અને સરકાર દ્વારા છૂટછાટ અપાતાં અરવલ્લી જિલ્લામાં ગામેગામ લગ્નની શરણાઈઓ ગૂંજી ઉઠી છે. લગ્નના અવસરમાં માવઠું, વાવાઝોડું કે અન્ય વિઘ્ન આવે તો યજમાન અને સંબંધીઓની ઉંઘ હરામ થઈ જાય છે. ક્યારેક કુદરતની આકરી કસોટીમાં પ્રસંગ મુલત્વી રાખવો પડે કાંતો ટૂંકો કરવો પડે તેવી સ્થિતિ ઉભી થતી હોય છે. ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના પટેલ પરીવારના પુત્રના લગ્ન નિમિતે ગામમાં સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું. સુશોભિત મંડપ, લાઈટીંગ કરવામાં આવ્યું અને ત્યાંજ સમીસાંજે આકાશમાં કાળા વાદળો ગોરંભાયા, કમોસમી માવઠું વરસતાં પ્રસંગ ઉપર સંકટ આવ્યું. પરીવાર અને મિત્રો ચિંતિત બન્યા કારણ કે ભોજન મંડપમાં રસોઈયા દ્વારા ભોજન બનાવવાની શરૂઆત કરવાની હતી. માવઠાની સ્થિતિને લઈને વોટર પ્રૂફ ભોજન મંડપ તૈયાર કરાયો પરંતુ માવઠાની સતત બે દિવસની આગાહી હોવાથી પરીવારે અવસરમાં વરસાદનું આવશે તેવું લાગતાં સત્કાર સમારંભના દિવસે સવારે ૧૦ વાગે સ્થળ બદલવાનો નિર્ણય કર્યો. સાંજે ૫ વાગે સત્કાર સમારંભ યોજવાનો હોવાથી તમામ આયોજનો મુશ્કેલ હોવા છતાં મિત્રોએ એક ટીમવર્ક સાથે કામે લાગી આકરૂન્દથી ૭ કિમી દૂર ધાર્મિક સ્થાન ઉપર વિશાળ ડોમમાં સત્કાર સમારંભ યોજવાનો નિર્ણય કર્યો. કદાચ ડેકોરેશન તો બેથી ત્રણ પાર્ટીઓની મદદથી થઈ જાય પરંતુ તાબડતોબ નવા સ્થળે ભોજન કેવી રીતે બનાવવું ? રસોઈયો તૈયાર નહિ થાય તો તેવી આશંકા વચ્ચે ગામમાં રહેતા રસોઈયા અર્જુનસિંહ રાજપુરોહિતને સ્થળ બદલ્યાની વાત કરવામાં આવી અને તેને સત્કાર સમારંભ પોતાનો અવસર હોય તે રીતે જરાપણ વિચલિત થયા વગર તમે કહેશો ત્યાં આવીને હું ઓર્ડર પ્રમાણે રસોઈ બનાવી આપીશ. મને માત્ર ૫ કલાકનો સમય મળવો જોઈએ. પરિવાર અને મિત્રો ઉત્સાહિત થયા વાહનો મારફતે કરીયાણું, શાકભાજી વગેરે નવા સ્થળે પહોંચાડવામાં આવ્યા અને સત્કાર સમારંભ શરૂ થાય તેના ૩૦ મિનિટ અગાઉ ચટાકેદાર ભોજન તૈયાર કરી દેતાં લગ્નના યજમાન સહિત ગ્રામજનોએ પણ રસોઈયા બંધુઓની કામગીરીની મુક્તકંઠે પ્રસંશા કરી હતી. ક્યારેક બહુમોટા ગજાના નામ ધરાવતાં રસોઈયા પાછળ માતબર રકમ ખર્ચીને બરબાદ થતાં અનેક પરીવારો માટે હવે પોતાના માદરે વતન અને વિસ્તારના જ રસોઈયાને શુભ અવસરના ઓર્ડર આપવામાં આવે તો પોતીકા અવસર ગણીને પ્રસંગને કેવી રીતે દૈદિપ્યમાન બનાવે છે તેનું આ ઉમદા ઉદાહરણ છે. ફરી એકવાર અર્જુન અને જબ્બર બંધુઓની રસોઈયા જોડીએ આકરૂન્દ અને પંથકની પ્રજાના દિલ જીતી લીધા છે.

### રસોઈયાનો અદભુત આત્મવિશ્વાસ વખાણવાલાયક

આકરૂન્દ ગામના શિક્ષક હિતેન્દ્ર પટેલએ જણાવ્યું કે કમોસમી માવઠાના કારણે સવારે સ્થળ બદલવાનો નિર્ણય કરાયો અને રસોઈયા અર્જુનને આ અંગે વાત કરતાં તેને જરાપણ અણગમો વ્યક્ત કર્યા વગર અદભુત આત્મવિશ્વાસ સાથે તમે જ્યાં કહેશો ત્યાં મારી ટીમ સાથે આવી માત્ર ૫ કલાકમાં ભોજન તૈયાર કરી આપીશ. તેવા આત્મવિશ્વાસે અમને સૌ મિત્રોને ઉત્સાહિત કર્યા હતા. અર્જુન સાચા અર્થમાં કસોટી સમયે અર્જુન સાબિત થયો તેમ જણાવ્યું.

# ઠંડીની જમાવટ, સિંચાઈ માટે પાણી મળતાં વાવેતરમાં હનુમાન કુદકો

## ઉત્તર ગુજરાતમાં ૬.૮૮ લાખ હેક્ટર જમીનમાં રવી પાકનું વાવેતર : રાયડાનું સૌથી વધુ ૨.૨૪ લાખ, ઘાસચારાનું ૧.૩૩ લાખ, ઘઉનું ૮૭ હજાર હેક્ટર વાવેતર

બાયડ, તા. ૨

વારંવાર હવામાન પલ્ટાવની આગાહી વચ્ચે જિલ્લામાં વાવેતરમાં હનુમાનકૂદકો જોવા મળ્યો. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, કારણે જળાશયો મોટાભાગે છલકાયા નહતા જેના કારણે રવી સીઝનમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનો નિર્ણય કરી લાભપાંચમથી ૫ જિલ્લામાં ૪૭ તાલુકાના કારણે વાવેતર ઘટવાની આશંકા વચ્ચે ખેડૂતોએ લગ્નની સીઝન છતાં સારૂ





ઠંડીની ધીમી જમાવટ તેમજ સરકાર દ્વારા ખેડૂતોને રવી પાક માટે સિંચાઈનું પાણી અપાતાં ઉત્તર ગુજરાતના ૫ અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં અત્યાર સુધીમાં ૬,૮૮,૨૨૯ હેક્ટર જમીનમાં વિવિધ રવી પાકનું વાવેતર થયું છે. ખેડૂતોએ ફરી એક્વાર રાયડાની ખેતી ઉપર વધુ ભાર મૂક્તાં ૨,૨૪,૩૫૪ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. ત્યારબાદ મૂંગા પશુઓ માટે ૧,૩૩,૯૨ હેક્ટર જમીનમાં ઘાસચારો વાવવામાં આવ્યો છે.

ઓછા વરસાદના સિંચાઈ માટે પૂરતા પાણી મળવાની સંભાવના નહીંવત હોવા છતાં રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા તમામ જળાશયોમાંથી ખેડૂતોને ખેડૂતોને જ્યાં સંભવ હોય ત્યાં સિંચાઈથી પાણી આપવાની શરૂઆત થઈ હતી. જ્યારે વિદાય લેતા નવેમ્બર મહિનામાં કમોસમી માવઠાએ ઉત્તર ગુજરાતના તાલુકાના ખેડૂતોને પાયમાલ કર્યા હતા. ત્યારબાદ ઠંડીનું જોર ઘટ્યું અને હવે પાછલા ૩ વર્ષથી ઠંડીનું જોર વધી રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં પ્રજા ખેતી અને પશુપાલનના વ્યવસાય ઉપર જીવન ગુજારી રહી છે. ઓછા વરસાદના વાવેતર કરતાં સરકાર અને વેપારીઓમાં પણ ખુશાલી જોવા મળી છે. ઉત્તર ગુજરાતના જિલ્લામાં તા.૨૫ નવેમ્બરની સ્થિતિએ ૪.૮૮ લાખ હેક્ટર જમીનમાં ઘઉ, મકાઈ, ચણા, રાયડો, તમાકુ, જીરૂ, ધાણા, સબગુલ, વરીયાળી, બટાકા, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર થયું છે. જ્યારે તાંદરજો, ગાજર, મેથીનું જૂજ પ્રમાણમાં વાવેતર થયાનું વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### ઉત્તર ગુજરાતમાં વાવેતર

| જિલ્લો | કુલ વાવેતર |
| --- | --- |
| અરવલ્લી | ૮૫,૦૮૮ |
| બનાસકાંઠા | ૩૭૪૩૦૦ |
| મહેસાણા | ૮૩,૪૪૭ |
| પાટણ | ૯૮,૧૦૪ |
| સાબરકાંઠા | ૬૭,૨૯૦ |

### ઉત્તર ગુજરાતમાં રવી પાકના વાવેતર ઉપર નજર...

| પાકનું નામ | કુલ વાવેતર |
| --- | --- |
| ઘઉં | ૮૭,૬૬૩ |
| મકાઈ | ૫,૯૪૨ |
| ચણા | ૪૨,૪૯૯ |